# બાળકોના વેકેશનનું આયોજન કેવું કરશો ?

વેકેશનમાં તમે તમારા પપ્પુને શું કરાવવાના છો ? અમે તો મોન્ટુને ડ્રોઈંગ અને પીન્કીને સંગીતના ક્લાસમાં મૂકવાનું વિચારીએ છીએ ! વેકેશન પડવાની તૈયારી હોય તે પૂર્વે જ ઘણાં વાલી પોતાના બાળકને વેકેશનમાં શું કરાવવું તેનું પ્રિ-પ્લાનીંગ આપમેળે કરી દેતા હોય છે. આ માટે એક પણ વાલી પોતાના બાળકને પૂછવાનું ટાળતાં હોય છે કે તને શું ગમે છે.. કારણ કે દરેક વાલી એમ જ માને છે કે અમે બાળકનું હિત જ વિચારીએ છીએ ને! વેકેશનમાં પણ પોતાનું બાળક કોઇપણ રીતે રોકાયેલું રહે તે બાબત વાલી માટે અગત્યની છે, નહીં કે તેના રસ-રુચી.મોટાભાગના વાલી પોતાના બાળકના રસ-પસંદગીને સહેજ પણ પ્રાધાન્ય આપતા નથી. પડોશીનું બાળક કરે તેના જેવું અથવા તો તેના કરતાં પણ વિશેષ મારું બાળક કરે એ જ તેમનો દષ્ટિકોણ હોય છે. સમર કેમ્પમાં મોકલવા માટે બાળકનો રસ નહીં જોવાનો પણ પડોશીનું બાળક ક્યાં જાય છે તે જોવાનું. વાલીને તો બસ પોતાના છોકરા/છોકરીને દુનિયાનું વિશિષ્ટ પાત્ર બનાવી દેવું જ છે. ત્યારે પ્રશ્ન એ થાય કે શું વેકેશનમાં ખરેખર કોઇ ક્લાસીસ ભરાવવાની જરૂર છે? અને જો હા તો કેવા પ્રકારના? ક્લાસીસ દ્વારા જેટલું મળે છે તેના કરતાં વધારે ગુમાવવાનું તો નથી આવતું ને! હિસાબ માંડ્યો છે કોઇ વાલીએ?

દરેક વાલીને એક વિનંતી કરવાની થાય કે, યાદ કરો તમારા બાળપણ ને. તમે કેટલા અને કયા ક્લાસીસ ભરેલા હતા? શું તમારો વિકાસ અધૂરો છે? તમે નાના હતાં ત્યારે વેકેશન પડે તે પહેલાં જ મામાને ઘેર જવા માટે કેવી તૈયારી કરતાં હતા? કપડાં ભરેલી થેલી તૈયાર જ રાખતાં અને વેકેશન પડે તે પહેલાં પરીક્ષા પૂરી થાય તેના બીજા જ દિવસે મમ્મીને રડીને કે પ્રેમભરી વિનંતી કરીને મામાને ઘેર જવાની હઠ પકડીને બેસી જતાં. તમારા મમ્મી-પપ્પા મૂકવા આવી શકે તેમ ન હોય તો મામા આવીને લઇ જતાં. ગામડાંમાં બસ વ્યવહાર ચાલું ન હોય તો મામા ચાલીને કે ગાડું જોડીને આવતાં. એવો એક પણ ભાણીયો કે ભાણી નહીં હોય કે જે વેકેશનમાં મામાને ઘેર જતાં નહોય. વળી મામાને એક બહેન ન હોય. બધી બહેનોના બધા જ ભાણીયા આવે, એક સાથે રહે અને રમે, મમ્મી પણ મામાને ઘેર આવે રોકાય. બધી બહેનો ભેગી થાય અને આખા વર્ષની શક્તિનો સંચય થતો હોય એમ લાગે. મમ્મી લાબો સમય ન રોકાય તો વાંધો નહીં પણ ભાણીયાઓ દસ-પંદર દિવસ રોકાય જ. મામાના ઘર પછી માસીના ઘરનો વારો હોય જ. ભાણીયાઓ ગમેતેટલું તોફાન કરે પણ કોઇ લડે કે વઢે નહીં. ગામની પાદરે વડ નીચે રમવા જાય, તળાવને કિનારે ફરવા જાય. બધા બાળકો ભેગાં થઇને નીત નવી રમતો રમે. આમ હસતાં-કૂદતાં વેકેશન પસાર થાય. જેમાં બાળકનો સામાજિક વિકાસ થતો. આજના બાળકનો જેટલો માનસિક વિકાસ થાય છે તેટલો સામાજિક વિકાસ થતો નથી. તેનું એક કારણ સમર કોચીગ ક્લાસ છે.જેને કારણેં બાળકની તર્કશક્તિ-માનસિકતા વધતી હશે પણ સામાજિકતા ઘટતી હોય તેવું લાગે છે.

આજના સમર વેકેશનમાં વાલી પોતાના બાળકને સમર કેમ્પમાં મોકલશે અથવા તો કમરના પટ્ટાની જેમ પોતાની સાથે બાંધીને રાખશે. સહેજ પણ સ્વતંત્રતા નહીં. વેકેશનમાં પણ રમવા અને જમવાના નિયમો ચાલુ જ હોય. પોતે જ્યાં જાય ત્યાં બાળકને ઘસડીને પણ લઇ જવાનો. ત્યાં ગયા પછી પણ તોફાન નહીં, આમ ના કરાય, સીધો બેસ વગેરે કચકચ તો ચાલુ જ. જેથી સંબંધીને ત્યાં બાળકો માટે તો સંબંધને બદલે બંધન વધુ જોવા મળે છે. વાલી બાળકને વધુ ખુશ કરવા વધુમાં વધુ પીક્ચર જોવા કે બગીચામાં લઇ જશે. આજના વાલીને સંબંધીના ઘર કરતાં થિયેટર અને તળાવ કરતાં વોટરપાર્ક વધુ ગમે છે. માટે જ આજનો બાળક મમ્મી-પપ્પાના મામા, કાકા, માસા કે ફોઇને નથી ઓળખતો પણ ફિલ્મી એકટર કે હિરોઇનને સારી રીતે ઓળખે છે. જ્યારથી બાળકો સમર કેમ્પમાં જતાં થયાં છે ત્યારથી સગાં-સંબંધીને ત્યાં જતાં બંધ થયાં છે. ગામડા અને શહેર વચ્ચે વધતાં અંતર માટેનું આ પણ એક કારણ હશે જ.

'મામનું ઘર કેટલે , દીવો બળે એટલે ' બોલતાં બાળકોને છેલ્લે ક્યારે સાંભળ્યાં છે? જેમનું વતન ગામડું છે અને જે વાલી શહેરમાં વસતાં હોય તેમના બાળકને ગામડાના ઘેર ગામની ભાગોળથી એકલાને મોકલવામાં આવે તો કેટલાં બાળકો પોતાના ઘેર પહોંચી શકે? સમર કેમ્પમાં જોડાવાથી અમરત્વ પ્રાપ્ત થઇ જશે તેવું માનતા વાલીએ ખરેખર તો ગામડામાં રહેતાં સગાં-સંબંધીને ત્યાં બાળકોને મોકલીને ગ્રામ્ય સમરકેમ્પને અમર બનાવવો જોઇએ, સગાં-સંબંધીને ત્યાં ગામડે નહીં તો શહેરમાં તો સગાંસંબંધીને ત્યાં મોકલો. દરેક વાલીએ પોતાના બાળકોને વેકેશનમાં સગાંઓને ત્યાં મોકલવા જોઇએ અને સગાંઓના બાળકોને પોતાને ત્યાં આવકારવા પણ જોઇએ. બાળક પ્રેમનું ભૂખ્યું છે, તેને રોટલા કરતાં ઓટલામાં વધુ રસ હોય છે. માટે જ વાલીઓએ બોશીઝમના બદલે વાલીઝમ કરવું જોઇએ.

વર્ષભર શાળામાં અભ્યાસની સાથે કરાવવામાં આવતી પ્રવૃત્તિથી સંતોષ માનવો જોઇએ અથવા તો ચોક્કસ બાબત શીખવવા માટે ચોક્કસ સમયગાળો પસંદ કરવો જોઇએ. બાળકના મન, તન અને રસને સમજીને જ નિર્ણય લેવા જોઇએ. વર્ષભર શાળા અને હોમવર્કમાંથી બાળક બિચારું ઊંચું આવતું નથી, ત્યાં વળી સમર કેમ્પના બદલે નરકમાં મોકલતાં હોય તેવું લાગે છે. આજે સમર કેમ્પમાં વહેવારિકવૃત્તિ કરતાં વહેપારીવૃત્તિ વધુ જોવા મળે છે. આમછતાં કેટલાંક કૌશલ્યની તાતી જરૂરિયાત હોય તો પૂર્ણવિચારણાને અંતે ચોક્કસ પ્રકારના કેમ્પ કે ક્લાસ જોડી શકાય. અહીં કોઇ પ્રવૃત્તિ કરાવવા સામે વિરોધ નથી. પણ બીજાનું જોઇને પોતાના બાળક પાસે કોઇ પ્રવૃત્તિ કરાવવી તેનો વિરોધ છે. ઉપરાંત બાળકના રસ જરૂરિયાતને પણ ધ્યાનમાં રાખવા પર ભાર મૂકવો જોઇએ. શું? કેટલું ? ક્યારે ? ક્યાં ? કેમ ? જેવા પાંચ પ્રશ્નો પોતાની જાતને પૂછો પછી જ બાળક માટેની પ્રવૃત્તિ પસંદ કરો.

માનવી એ સામાજિક પ્રાણી કહેવાય છે. સંબંધી ત્યાં જવાથી બાળકમાં સામજિકતાનો વિકાસ થશે. બાળક સ્વતંત્રતાનો અનુભવ કરશે. આ સંબંધ જ બાળકના ઘમંડને તોડી સાચા અર્થમાં સામાજિક બનાવશે. વાલીઓની વધુ અપેક્ષા, જવાબદારીમાંથી છટકીને અન્ય પર ઢોળવાની વૃત્તિને કારણે શાળામાંથી આજકાલ પ્રવાસ પણ બંધ થતાં જાય છે. તો બાળકોને સાચા અર્થમાં પ્રવાસી બનવા દો, સગાં-સંબંધીના ઘરને પ્રવાસનું ધામ ગણો અને વેકેશનનો પૂરેપૂરો આનંદ સાથે લાભ લેવા દો. બાળકના તાર્કિક વિકાસની સાથે જ સામાજિક વિકાસને પણ પ્રાધાન્ય આપો.

આજના યુવાનને સગાંસંબંધીને ઘેર જવું ગમતું નથી અને જાય તો રાત્રી રોકાણ કરવું તો બિલકુલ ગમતું નથી. તેની પાછળનું મુખ્ય કારણ તે યુવાન જ્યારે બાળક હતો ત્યારે સંબંધીને ઘેર ભાગ્યેજ ગયો હોય છે. જેથી સંબંધીનું ઘર તેને પારકું-પરાયું લાગે છે. આજે વૃદ્ધાશ્રમની સંખ્યા વધતી જાય છે તેની પાછળનું કારણ આજના બાળકોમાંથી ઘટતી જતી સામાજિકતા છે. તેઓને પોતાના સમાજની કે સગાંની કંઇ જ પડી નથી. આવી બાબતોમાંથી બહાર લાવવા માટે જ સમરકેમ્પ કે ક્લાસીસ છોડો અને સગાંસંબંધીઓ સાથે નાતો જોડો. શાળા ખૂલે પછી સ્વાભાવિક છે કે આવી તક નહીં મળે.